### જઘન્ય ગુનાના દોષિતોને ખોટી રીતે સજા રાહત આપવા બદલ ગુજરાત સરકારની સખત ઝાટકણી

# બિલકીસ બાનુ કેસ: 11 દોષિતોની સજામાં રાહત રદ કરતી સુપ્રીમ

**પોતાની** જ અન્ય બેન્ચનો ૧૩ મે, ૨૦૨૨નો આદેશ પણ રદબાતલ ઠરાવ્યો, જે આદેશમાં ગુજરાત સરકારને દોષિતોની સજા રાહતની અરજીઓ પર વિચારણા કરવા કહેવાયું હતું

**તમામ** ૧૧ દોષિતોને બે સપ્તાહની અંદર ફરીથી જેલમાં મોકલી દેવા આદેશ

**નવી દિલ્હી, તા. 8 (PTI):** ગુજરાતના ૨૦૦૨ના રમખાણો વખતે બિલકીસ બાનુ પર સામૂહિક બળાત્કાર કરવા બદલ અને તેના સાત કુટુંબીજનોની હત્યા કરવા બદલ દોષિત ઠરેલા ૧૧ પુરુષોની સજામાં અપાયેલ રાહત સર્વોચ્ચ અદાલતે ગુજરાત સરકાર પર સત્તાના દુરૂપયોગનો આરોપ મૂકીને આજે રદ

**ચુકાદાની વિસ્તૃત વિગતો પાના નંબર 11 પર**

કરી હતી અને આદેશ આપ્યો હતો કે તેમને બે સપ્તાહની અંદર જેલમાં પરત મોકલવામાં આવે.

દોષિતોને સજામાં છૂટછાટ આપતો ગુજરાત સરકારનો આદેશ મગજનો ઉપયોગ કર્યા વિનાનો છે એમ કહેતા જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાનની બેન્ચે પૂછ્યું હતું કે શું કોઈ પણ ધર્મ કે પંથમાં માનતી મહિલા સામેના જઘન્ય અપરાધો બદલની સજામાં રાહત આપી શકાય ખરી? ફેબ્રુઆરી ૨૦૦૨માં જ્યારે ગોધરા કાંડ પછી કોમી રમખાણો ફાટી નિકળ્યા હતા ત્યારે ભયથી ભાગી રહેલ બિલકીસ બાનુ માત્ર ૨૧ વર્ષની હતી અને પાંચ મહિનાની સગર્ભા હતી, તે સમયે તેના પર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને તેના સાત કુટુંબીજનોને મારી નાખવામાં આવ્યા હતા જેમાં તેની માત્ર ત્રણ વર્ષની પુત્રીનો પણ સમાવેશ થતો હતો.

આ કેસમાં દોષિત ઠરેલા ૧૧ આરોપીઓને ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ગુજરાત સરકારે તેમની બાકીની સજા માફ કરીને છોડી મૂક્યા હતા. અમે સજા કાપના આ આદેશને ગુજરાત સરકાર દ્વારા સત્તા આંચકી લેવાની ભૂમિકા પર રદ કરીએ છીએ એમ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું.

પોતાના ૨૫૧ પાનાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે તેની એક બેન્ચના ૧૩ મે, ૨૦૨૨ના આદેશને પણ રદ કર્યો હતો, જે આદેશમાં ગુજરાત સરકારને દોષિતોની સજા રાહતની અરજીઓ પર વિચારણા કરવા જણાવાયું હતું.

ગુજરાત સરકારની સખત ઝાટકણી કાઢતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ સજા માફીની અરજીઓ પર વિચારણા કરવાનો અધિકાર ફક્ત મહરાષ્ટ્ર સરકારને જ હતો, કારણ કે કેસ ત્યાં ચાલ્યો હતો. મે ૨૦૨૨ના ચુકાદા સામે સમીક્ષા અરજી નહીં કરવા બદલ પણ સુપ્રીમે ગુજરાત સરકારને ઝાટકી હતી અને કહ્યું હતું કે મે ૧૩, ૨૦૦૨નો આદેશ, જે હકીકતો છુપાવીને મેળવવામાં આવ્યો હતો તેના આધારે અન્ય દોષિતોએ પણ સજા રાહતની અરજી કરી હતી અને ગુજરાત સરકારે આરોપી સાથેના મેળાપીપણામાં કામ કર્યું હતું એમ બેન્ચે કહ્યું હતું.



### બિલકીસ બાનુએ સંતોષની લાગણી વ્યક્ત કરી

**બિલકીસ** બાનુ, કે જે હવે ૪૦ની વય વટાવી ગઇ છે તેણે સુપ્રીમ કોર્ટના આ ચુકાદા અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. આજે ખરેખર મારા માટે નવું વર્ષ છે. દોઢ વર્ષ પછી મારા મોઢા પર હાસ્ય આવ્યું છે, હું મારા બાળકોને ભેટી, મારી છાતી પરથી જાણે પર્વત જેટલા કદનો પથ્થર હટી ગયો છે અને હું ફરી શ્વાસ લઇ શકું છું એમ તેમણે પોતાના વકીલ શોભા ગુપ્તા મારફતે જારી કરેલા એક નિવેદનમાં કહ્યું હતું. સુપ્રીમ કોર્ટનો આભાર માનતા તેણે કહ્યું હતું કે મને ન્યાયની અનુભૂતિ થાય છે. મને, મારા બાળકોને અને તમામ મહિલાઓને આશા આપવા બદલ નામદાર સુપ્રીમ કોર્ટનો આભાર માનું છું.

### આ એક ક્લાસિક કેસ છે જેમાં આ જ કોર્ટના આદેશનો ઉપયોગ કાયદો તોડવા માટે કરાયો

**સુપ્રીમ** કોર્ટે આજે કહ્યું હતું કે આ એક ક્લાસિક કેસ છે જેમાં આ જ કોર્ટ(સુપ્રીમ કોર્ટ)ના ૨૦૨૨ના આદેશનો દુરુપયોગ કાયદો તોડવા માટે કરવામાં આવ્યો અને દોષિતોને સજામાં રાહત આપી દેવાઇ.

તા.૦૮-૦૧-૨૦૨૪નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૧.૨° સે. | ૧૯.૪° સે. | ૬૬% |





